અપીલ અરજી નં.૧૧૯/૦૮–૦૯ તા. ૫–૮–૦૮

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

## *હુકમ:–*

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૨/૩–૭–૦૮ ની અરજીથી મીરજા શામી રોડ ચકલા બજાર, આવેલી મિલકત કે જેનું નામ નુરજહાં છે. જે મિલકત રેસીડન્સમાંથી કોર્મશીયલ બનાવી રહેલા છે. જેનું પ્લાન પાસ થયું છે તેમજ હેતુફેરનો પત્ર મળ્યો છે ખરો? મુદ્દા નં.૧ થી ૪ બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૫–૮–'૦૮ ની અપીલ અરજી નં.૧૧૯/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૨/૩–૭–૦૮ ની અરજીથી મીરજા શામી રોડ ચકલા બજાર, આવેલી મિલકત કે જેનું નામ નુરજહાં છે. જે મિલકત રેસીડન્સમાંથી કોર્મશીયલ બનાવી રહેલા છે. જેનું પ્લાન પાસ થયું છે તેમજ હેતુફેરનો પત્ર મળ્યો છે ખરો? મુદ્દા નં.૧ થી ૪ બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આઉટ/૪૮૩ તા.૨૯–૭–૦૮ થી આપેલ માહિતી ના મુદ્દા નં. ૧ માં સદર મિલ્કત પરત્વે રેકર્ડ ચકાસતા તાજેતરમાં કે અગાઉ હેતુફેરનો કોઈ પ્લાન રજુ થયેલ જણાતો નથી. મુદ્દા નં. ૩ માં સદર મિલકતની મજબુતાઈ કેટલી જેના જવાબમાં તપાસ કરતા સારી હાલતમાં જણાય છે. મુદ્દા નં.૪ મિલકતનો રેસીડન્સમાંથી કોર્મશીયલની કોઈ પરવાનગી આપેલ નથી તેવા આપેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૧૬ તા.૧૧–૮–૦૮ થી આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી રાઈટ ટુ ઈન્ફર્મેશન/સે.ઝોન/૬૦૫ તા.૨૬–૮–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની કરેલ અરજી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સમય મર્યાદામાં અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે હેતુફેર પ્લાનની રજુઆત મિલ્કતની મજબુતાઈની રજુઆત કે રેસીડન્સમાંથી કોર્મશીયલ પરવાનગીની રજુઆત અપીલ અરજીમાં કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ હેતુફેર કોઈ પ્લાન રજુ થયેલો જણાતો નથી જે અરજદારને આપવામાં આવેલ છે. જયારે મિલ્કત મજબુતાઈની રજુઆત અંગે સારી હાલતમાં જણાય છે આ રીતે રેકર્ડ આધારીત અને હકીકતલક્ષી માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨/૩–૭–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સમય મર્યાદામાં રેકર્ડ આધારીત અને હકીકતલક્ષી માહિતી પૂરી પાડવામાં આવેલ હોઈ અપીલ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

અરજદારે મુળ અરજીથી ઉપસ્થિત કરેલ પ્રશ્નો દુકાનો બનાવવાની, ભાડે આપવાની, જાહેરાત બોર્ડ તથા પરવાનગી આપેલ ન હોય સીલ કેમ કરવામાં આવતું નથી વિગેરે અન્ય કાર્યવાહી હાથ ધરવાને લગતાં પ્રશ્નો બાબતેની રજુઆત અંગે તે સક્ષમ અધિકારીને અલાયદી રજુઆત કરવા અંગે સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૯ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામ મેમણ,